

■ રથયાત્રા દરમિયાન મા અંબા ભક્તોને દર્શન આપવા પધારતાં મોટી સંખ્યામાં સુરતીઓએ માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. કોટ વિસ્તારના જે રૂટ પરથી રથયાત્રા પસાર થવાની હતી એ શેરી-મહોલ્લામાં રંગોળી કરાઈ હતી અને તોરણો બાંધીને માતાજીની પૂજા કરી હતી. આ પરંપરાગત યાત્રા સાથે દશેરાના પર્વે શહેરમાં ભક્તિમય માહોલ છવાયો હતો. **(તસવીરઃ સતીષ જાદવ)**

# દશેરાએ મા અંબાએ સુરતીઓના તેમના ઘર આંગણે દર્શન આપ્યા

**સુરતના** કોટ વિસ્તારોમાં જૂના અંબાજી મંદિરના ચાર રથની યાત્રા નીકળી

**અંદાજે** ૭૦૦૦ લોકોએ રથ ખેંચ્યો અને હજારો ભક્તો રથયાત્રામાં જોડાયા

સુરતઃ સુરતના ભક્તોમાં વિશેષ શ્રદ્ધા ધરાવતા જૂના અંબાજી મંદિર ખાતે દશેરાના પાવન પર્વે વર્ષોની પરંપરા મુજબ ચાર રથની યાત્રા નીકળી હતી.

જૂના અંબાજી મંદિરના મહારાજ કીર્તન ગોસ્વામીએ જણાવ્યું હતું કે મંદિર દ્વારા દશેરાના દિવસે પરંપરા મુજબ ચાર રથ કાઢવામાં આવે છે. જેમાં સૌપ્રથમ દૂધ રથ નીકળે છે. આ રથમાંથી રસ્તા પર દૂધના ટીપાં પડતાં રહે છે. ત્યારબાદ માટલી રથનું પ્રસ્થાન થાય છે. આ રથની પરંપરા સાથે નવરાત્રિની અનોખી શ્રદ્ધા જોડાયેલી છે. આ રથ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને તાપી નદીના કિનારે પહોંચે છે, જ્યાં માટલીઓનું વિસર્જન કરવામાં આવે છે. આ બંને રથ બાદ ત્રીજા ક્રમે લાકડાનો રથ નીકળે છે, જેમાં મા દુર્ગાની મૂર્તિ બિરાજમાન કરવામાં આવે છે. જ્યારે ચોથો રથ ચાંદીનો હોય છે, જેમાં આશરે 400 કિલોગ્રામ ચાંદીના શણગારથી સુશોભિત મા અંબાની મૂર્તિ બિરાજમાન કરવામાં આવે છે. આ રથ પણ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી ભક્તોને દર્શન આપે છે. દશેરાના પર્વે નીકળતી આ ચાર રથયાત્રા જૂના અંબાજી મંદિરની વર્ષો જૂની પરંપરાનું પ્રતીક છે.

### રથે સોનીફળિયા, દેસાઈ પોળમાં ૧૫ મિનિટનો વિરામ લીધો

જૂના અંબાજી મંદિરની રથયાત્રામા ૨૦ હજારથી વધુ લોકોએ જોડાયને માતાજીનાં દર્શનનો લાભ લીધો હતો. તેમજ અંદાજે ૭૦૦૦ લોકોએ રથ ખેંચ્યો હતો. રાત્રે આશરે ૮ વાગ્યે સોનીફળિયા દેશાઈ પોળ પાસે રથોનો વિરામ લેવામાં આવ્યો હતો. આ વિરામ ૧૫ મિનિટનો હોય છે. રથો વિરામસ્થળે પહોંચ્યા બાદ અહીં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકોએ ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી. ગરબાની રમઝટ પૂર્ણ થયા બાદ જૂના અંબાજી મંદિરના ચારેય રથોએ આગળ પ્રયાણ કર્યું હતું. આ રથયાત્રા રાત્રે ૯.૩૦ કલાકે મંદિરે પહોંચી હતી. જ્યાં માતાજી બિરાજમાન થયાં બાદ અભિષેક કરાયો હતો.

## વેપારીને થયેલી સજા સેશન્સ કોર્ટે કાયમ રાખી

સુરતઃ ફરિયાદી રાકેશ દુલા ધામેલીયા પાસેથી આરોપી જીજ્ઞેશ પુંજા ઇટાલીયાએ હાથ ઉછીના લીધેલા ૨૦ લાખમાંથી આપેલા ત્રણ લાખના ચેક રિટર્ન કેસમાં ૧ વર્ષની સાદી કેદ તથા ચેકની રકમ વ્યાજ સાથે ચુકવવા ટ્રાયલ કોર્ટે હુકમ કર્યો હતો. જેની સામે આરોપીએ અપીલ કરી હતી. ફરિયાદ તરફે વકીલ અજય વેલાવાલા અપીલમાં હાજર થઈ દલીલ કરી હતી. બંન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીની અપીલ ફગાવી દીધી હતી.

## બારની કારોબારી કમિટી દ્વારા ૧૫ અરજીનો નિકાલ

સુરતઃ દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને આજે સુરત જિલ્લા વકીલ મંડળની મળેલી કારોબારી કમિટીની બેઠકમાં વકીલોની રજૂઆત અને ફરિયાદ સંદર્ભે આવેલી ૧૫ જેટલી અરજીનો સર્વાનુમતે નિકાલ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને નવરાત્રિ ઉજવણી બાબતે મંડળનાં પદાધિકારી અને કારોબારી સભ્ય વચ્ચે થયેલી માથાકૂટ બાબતની અરજીમાં બન્ને પક્ષે એકબીજાના માન સન્માન સાથે વર્તન કરવા સાથે સમાધાનકારી વલણ દાખવતાં અરજી દફતરે કરવામાં આવી હતી. આ કમિટીની બેઠક પ્રમુખ એડવોકેટ ઉદય પટેલનાં અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં ઉપપ્રમુખ સંજય પટેલ, મુકુંદ રામાણી, યતીન ઢાકેચા, ફની પટેલ સહિતના કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ક્રેડિટ કાર્ડ પર હેલ્થ વીમો બંધ કરવાના નામે ૮૩ હજારની ઠગાઈ

સુરતઃ વરાછાના ન્યુ બોમ્બે માર્કેટ રોડ પર જલવંત ટાઉનશીપમાં રહેતા અને IDFC બેંકમાં નોકરી કરતાં ધવલ સોનવણેને અજાણ્યા શખ્સે ઇન્ડસઇન્ડ બેંકના ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી બોલતા હોવાનું કહી કાર્ડ પર ચાલતો હેલ્થ ઇન્સ્યોરન્સ બંધ કરાવવાનું જણાવી ફસાવ્યા હતા. ઠગે વોટ્સએપ પર મોકલેલી લિંક ખોલતા જ સાયબર ઠગોએ ફોનનો એક્સેસ મેળવી ધવલભાઈના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૫૩,૩૦૭ અને ICICI iMobile એપથી રૂ.૩૦,૦૦૦ મળી કુલ રૂ.૮૩,૩૦૭ ઉપાડી લીધા હતા.

## લૂંટના ગુનામાં ૭ વર્ષથી વોન્ટેડ ઝડપાયો

સુરતઃ ૨૦૧૯ માં બેગમપુરાના મુંબઈવડ વિસ્તારમાં ત્રણ ઈસમોએ ફરિયાદીને બોલાવી માર મારી દાગીના, રૂ.૪૦,૦૦૦ રોકડા મળી કુલ રૂ.૩,૦૦,૦૦૦ની મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. મહીધરપુરા પોલીસે ગુનો નોંધી અગાઉ બે આરોપીની ધરપકડ કરી લીધી હતી. જ્યારે ફરાર આરોપી સમીરુલ ઇસ્માઇલ ઉર્ફે સમીર ચાપટાના એલસીબી ઝોન-૩ ની ટીમે રામપુરા આદમની વાડી પાસેથી તેને ઝડપી લીધો હતો.

# સોલારના નાણાંના વિવાદમાં ‘તોડ’ના નવ કરોડ પૈકી પાંચ કરોડ પોલીસના!

**બાકીના** 4 કરોડ નેતાના, પોલીસે માત્ર ૧૦ દિવસમાં રિકવરી કરી આપતા ખાખી-રાજકીય સાઠગાંઠની ભારે ચર્ચા

સુરતઃ શહેરના કાપડ બજાર અને વ્યાપારી વર્તુળોમાં તાજેતરમાં સામે આવેલો કરોડો રૂપિયાની છેતરપિંડીનો એક કેસ હાલ ભારે ચર્ચા અને વિવાદના કેન્દ્રમાં આવ્યો છે. સામાન્ય રીતે મહિનાઓ સુધી ન ઉકેલાતા કેસો વચ્ચે માત્ર ૧૦ જ દિવસમાં અંદાજે ૧૫થી ૧૬ કરોડ રૂપિયાની ઝડપી રિકવરી થતાં પોલીસની કાર્યશૈલી સામે અનેક ગંભીર આક્ષેપો ઊભા થયા છે. અહેવાલો અને લોકચર્ચા મુજબ આ કેસમાં કાયદેસરની પ્રક્રિયા કરતાં ‘બારોબાર સેટલમેન્ટ’ અને કરોડો રૂપિયાના તોડની ગંધ આવી રહી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

ચર્ચાતી વિગતો અનુસાર સોલાર ઈક્વિપમેન્ટ્સ સાથે સંકળાયેલા આ ફ્રોડ કેસમાં એક વિવાદિત પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા રાતોરાત સમગ્ર મામલો થાળે પાડી દેવાયો હતો. જોકે, આ ઝડપી કામગીરી પાછળ કાયદાકીય તપાસ નહીં પરંતુ કથિત ‘સોપારી કલ્ચર’ કામ કરી ગયું હોવાના આક્ષેપ વ્યાપારી વર્તુળોમાં થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓને બંધ બારણે અટકાયતમાં રાખી, માનસિક દબાણ ઊભું કરી અને કાનૂની કે રાજકીય મદદ ન મળે તે રીતે તોડી પાડીને માલની રિકવરી કરાઈ હોવાની ચર્ચા છે. એટલું જ નહીં રિકવરી કરાયેલાં બે કન્ટેનર વિધિવત સીઝ કરવાને બદલે સીધા જ મૂળ અરજદારને સુપરત કરી દેવાયાં હોવાનો પણ ગંભીર આક્ષેપ છે.

### ૫ કરોડ પોલીસના અને ૪ કરોડ નેતાના? તોતિંગ ભાગીદારીના આક્ષેપો

આ આખા પ્રકરણમાં સૌથી ચોંકાવનારી બાબત વહીવટી અને રાજકીય કમિશનની ચર્ચા છે. સુરત શહેરમાં ચાલતી ચર્ચા મુજબ સમગ્ર રિકવરીમાં કથિત રીતે ૪૦થી ૫૦ ટકા જેટલી તોતિંગ કમિશનની ભાગીદારી નક્કી થઈ હતી. ૧૫ કરોડથી વધુની રિકવરી સામે પોલીસ અધિકારીઓના ભાગે અંદાજે ૫ કરોડ રૂપિયા જવાની વાત વહેતી થઈ છે. આ મામલામાં એક વગદાર રાજકીય આગેવાને મધ્યસ્થી કરીને ૩થી ૪ કરોડ રૂપિયાનો ખેલ પાડ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

### તપાસથી બચવા સેકન્ડ કેડરનો ઢાલ તરીકે ઉપયોગ?

વિવાદમાં સપડાયેલા મુખ્ય પીઆઇ સામે એવો પણ આક્ષેપ થઈ રહ્યો છે કે ભવિષ્યમાં જો કોઈ ઉચ્ચસ્તરીય તપાસ આવે તો કાગળ પર પોતાનું નામ ન આવે તે માટે સેકન્ડ કેડરના જુનિયર અધિકારીઓને આગળ ધરીને સમગ્ર કાગળિયાં સેટ કરી દેવાયા છે. ગણતરીના મહિનાઓ માટે સુરતમાં પોસ્ટિંગ મેળવીને આ પ્રકારનાં મોટાં સેટલમેન્ટ્સ પાર પાડવાની નીતિ સામે પોલીસ બેડામાં પણ ભારે કચવાટ જોવા મળી રહ્યો છે.

### નિષ્પક્ષ તપાસ અને કડક પગલાંની ઊઠતી માંગ

મીડિયા અહેવાલો બાદ સમગ્ર પોલીસ તંત્ર અને સચિવાલય સુધી આ મામલાના પડઘા પડ્યા હોવાની ચર્ચા છે. જો પોલીસ જ વસૂલી એજન્સીની જેમ કામ કરતી હોવાના આક્ષેપો સાચા સાબિત થાય, તો તે રાજ્યની કાયદો-વ્યવસ્થા અને સામાન્ય વેપારીઓના વિશ્વાસ માટે ઘાતક સાબિત થઈ શકે છે. હાલમાં જાગૃત નાગરિકો અને વેપારી આલમ તરફથી એવી માંગ ઊઠી રહી છે કે ગૃહ મંત્રાલય અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ તમામ આક્ષેપો અને ચર્ચાઓની ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરાવે, જેથી સત્ય સામે આવી શકે.

# સેવાભાવી સંસ્થાઓની સહાય છતાં ખાડીપૂરમાં ફૂડ પેકેટનો 60 લાખનો ખર્ચ

**લિંબાયત** ઝોને ત્રણ ખાડીપૂરમાં ફૂડ પેકેટનું બિલ મંજૂરી માટે મોકલતા વિવાદ, પ્રતિ ડિશ 40 રૂપિયા ખર્ચાયા

સુરતઃ સુરતમાં જુલાઈ મહિનામાં એક પછી એક સતત ત્રણ વખત સર્જાયેલા પૂરને કારણે લિંબાયત ઝોનના મોટા ભાગના રહેણાંક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને પાણી ઘરોમાં ઘૂસી ગયા હતા. આ વિકટ પરિસ્થિતિમાં જ્યાં એક તરફ અનેક સેવાભાવી સંસ્થાઓ અને સામાજિક સંગઠનોએ સ્વયંભૂ આગળ આવીને પૂરગ્રસ્તોની વ્હારે ધસી જઈને સ્થળ પર જ ફૂડ પેકેટ અને પીવાનું પાણી વિતરણ કર્યું હતું, તો બીજી તરફ સુરત મહાનગરપાલિકા દ્વારા આ પૂરપીડિતોની ભોજન વ્યવસ્થા પાછળ અંદાજે રૂ. 60 લાખનો ખર્ચ દર્શાવતી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મુકાતા નવો રાજકીય અને સામાજિક વિવાદ જાગ્યો છે.

લિંબાયત ઝોન દ્વારા 7 થી 14 જુલાઈ, 22 થી 28 જુલાઈ અને 31 જુલાઈથી ઓગસ્ટના પ્રથમ સપ્તાહ સુધીના સમયગાળા દરમિયાન કુલ 10 રાહત કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા હતા. આ કેન્દ્રોમાં આશરો લઈ રહેલા અસરગ્રસ્તો માટે પાલિકા દ્વારા પુરી-શાક, વઘારેલી ખીચડી અને સૂકા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ભોજન વ્યવસ્થા અંતર્ગત પ્રત્યેક ડિશ પાછળ અંદાજે રૂ. 40 નો ખર્ચ દર્શાવીને કુલ રૂ. 60 લાખના આ ભોજન બિલની દરખાસ્ત આખરી મંજૂરી માટે પાલિકાના શાસકો સમક્ષ રજૂ કરવામાં આવી છે. આપત્તિના આ કપરા સમયમાં સરકારી તંત્રની સાથે સાથે શહેરની અસંખ્ય નાની-મોટી સેવાભાવી સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને સ્થાનિક યુવાનો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. આ સંસ્થાઓ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રૂબરૂ પહોંચીને અસરગ્રસ્તોને કોઈ પણ જાતના વિલંબ વિના લાખોની સંખ્યામાં ફૂડ પેકેટ, પીવાનું પાણી અને ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. સંસ્થાઓ સ્વૈચ્છિક રીતે આગળ આવીને અન્નસેવા આપી રહી હતી, ત્યારે મનપાના લિંબાયત ઝોન દ્વારા માત્ર રાહત કેન્દ્રોના સંચાલન અને ભોજન પાછળ રૂ. 60 લાખ જેવી માતબર રકમનો ખર્ચ દર્શાવાતા અનેક પ્રકારના સવાલો ઉભા થયા છે.

## ઈન્સ્ટાના IP એડ્રેસથી 7 મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

સુરતઃ પાલ પોલીસમથક ખાતે નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલો અકીલ અબ્દુલભાઈ કુરેશી (ઉં.વ.૨૮, રહે., વડવા તલાવડી, ભાવનગર તથા હાલ અજમેર શરીફ, રાજસ્થાન) છેલ્લા સાત મહિનાથી ફરાર હતો. પાલ પોલીસે આરોપીના ઈન્સ્ટાગ્રામ તથા જીમેઈલ આઈડીના આઈ.પી. એડ્રેસનું ટેકનિકલ વિશ્લેષણ કર્યું હતું, જેના આધારે તેના બે નવા સક્રિય મોબાઈલ નંબર મળી આવ્યા હતા. આ નંબરોના સી.ડી.આર અને લાઈવ લોકેશન ટ્રેક કરતાં આરોપી રાજસ્થાનના અજમેર ખાતે છુપાયો હોવાની ચોક્કસ માહિતી મળી હતી. દરમિયાન પાલ પોલીસની ટીમે અજમેરથી લઈને અમદાવાદ સુધી વોચ ગોઠવી અમદાવાદ બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લીધો હતો.

# માતાજીના વિસર્જન માટે નીકળેલા દંપતીની બાઈકને ડમ્પરની ટક્કર, પત્નીનું મોત

**કવાસ** ચાર રસ્તા પાસે સર્જાયો અકસ્માત

સુરતઃ નવરાત્રિ પૂર્ણ થયા બાદ સોસાયટીમાં સ્થાપિત દુર્ગા માતાની મૂર્તિના વિસર્જન માટે નીકળેલા દંપતીને કાળમુખા ડમ્પરે અડફેટે લેતાં પત્નીનું મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના જોનપુરના વતની અરવિંદભાઈ દુબે હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા મહાલક્ષ્મી નગરમાં 40 વર્ષીય પત્ની ઉપમાબેન અને બે સંતાનો સાથે રહે છે. અરવિંદભાઈ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. નવરાત્રિ પૂર્ણ થતાં સોસાયટીના લોકો માતાજીની મૂર્તિના વિસર્જન માટે હજીરા જવા નીકળ્યા હતા. દરમિયાન ટેમ્પોમાં જગ્યા ન હોવાથી અરવિંદભાઈ અને ઉપમાબેન પોતાની બાઈક પર હજીરા જવા રવાના થયાં હતાં. તેઓ કવાસ ચાર રસ્તા પાસે ક્રિભકો કંપનીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે ડમ્પરચાલકે ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં ટક્કર મારી હતી. ઉપમાબેન રસ્તા પર પટકાયાં હતાં અને ડમ્પરનાં ટાયર નીચે આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત બાદ ડમ્પરચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો.

## ખટોદરામાં તકરારમાં કેનાલમાં ફેંકી દેવાયેલા યુવકને ફાયરે બચાવ્યો

સુરતઃ ખટોદરા ખાતે આવેલી યુનિક હોસ્પિટલની સામે કેનાલના કિનારે માણસો વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ તકરાર દરમિયાન 35 વર્ષીય રાધે બસંત જૂન્હાદી નામના રાહદારી યુવકને કોઈએ ધક્કો મારી દેતાં તે સીધો કેનાલમાં ખાબક્યો હતો. આ અંગે કોલ મળતાં જ સ્ટેશન ઓફિસર અભિષેક ગઢવી સહિતનો ફાયર કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સ્થળ પર ખટોદરા પીસીઆરની ટીમ પણ ઉપસ્થિત રહી હતી. કેનાલમાં પડેલો યુવક પાણીમાં ફસાયેલો હોવાથી ફાયર જવાનોએ સમયસૂચકતા વાપરી તુરંત જ કેનાલની અંદર સીડી ઉતારી હતી. જવાનોએ યુવકને હિંમત આપી સહીસલામત બહાર કાઢ્યો હતો.

# 4ની કેપેસિટીની લિફ્ટમાં 13 કામદાર ઘૂસી જતાં ફસાયા, ફાયરે બહાર કાઢ્યા

**અમરોલીમાં** આવેલા દેવમ એમ્બ્રો પાર્કના ખાતામાં સાંજે કામદારો છૂટતાની સાથે જ લિફ્ટમાં ઓવરલોડ ઘૂસી ગયા

સુરતઃ અમરોલીમાં એક ઔદ્યોગિક એકમમાં ચાર વ્યક્તિની કેપેસિટી ધરાવતી લિફ્ટમાં એકસાથે 13 કામદારો ઘૂસી જતાં લિફ્ટ ખોટકાઈ ગઈ હતી. ફાયરે આ તમામ ફસાયેલાનું રેસ્કયુ કર્યું હતું.

અમરોલી વિસ્તારમાં આવેલા દેવમ એમ્બ્રો પાર્કના ખાતા નં-૩૩થી ૩૬માં આશિષ નરોલાનું યુનિટ આવેલું છે. આજે સાંજે ૫:૦૦ વાગ્યે યુનિટ છૂટતાની સાથે જ તેમાં ડ્યુટી કરતા ૧૩ જેટલા કામદારો લિફ્ટનો ઉપયોગ કરી રહ્યા હતા. દરમિયાન લિફ્ટ ચોથા માળે પહોંચીને અચાનક અટકી ગઈ હતી. ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા અમરોલી ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ફાયર સબ-ઓફિસર મારુતિ સોનવણેએ જણાવ્યું હતું કે, ઓવરલોડ થયેલી લિફ્ટ ચોથા માળે અટકી ગઈ હતી.’ ટીમે ગ્રીલ કાપી, દરવાજો પહોળો કરી તેઓને બહાર કાઢી લીધા હતા.



### વરાછા રણુજાધામ સોસાયટીની લિફ્ટ ખોટકાતા ચાર વ્યક્તિ ફસાયા

બીજો એક બનાવ મોટા વરાછા ખાતે આવેલા રણુજાધામ સોસાયટી (દુખિયાના દરબાર પાસે) બન્યો હતો. આ બનાવમાં ૪૫ વર્ષીય રેખાબેન બોરડીયા, ૩૨ વર્ષીય વિજય બોરડીયા, ૪૮ વર્ષીય લવજી વાઘાણી અને ૧૯ વર્ષીય લિફ્ટમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાતા ફસાયા હતા. ફાયર બ્રિગેડની ટીમે સમય સૂચકતા વાપરીને તમામનું રેસક્યુ કરી લીધું હતું.

# ખુદ ભાજપના પૂર્વ શહેર પ્રમુખની ફરિયાદને મનપા સાંભળતી નથી!

**પૂર્વ** કોર્પોરેટર અને પૂર્વ પ્રમુખ નીતિન ભજીયાવાળાએ કોમર્શિયલ પ્રવૃત્તિ અને ગેરકાયદે બાંધકામની ફરિયાદ કરી તાત્કાલિક ધ્યાને લેવાઈ નહીં

સુરત : ભાજપના જ પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ શહેર પ્રમુખ નીતિન ભજીયાવાળાએ પોતાના વિસ્તારમાં થતા ગેરકાયદે બાંધકામ મુદ્દે બળાપો ઠાલવ્યો છે.

આક્ષેપો પ્રમાણે, કોટવિસ્તારમાં કાળા સિપાઈની પોળ વિસ્તારમાં ગેરકાયદે દબાણો અને બાંધકામો થઈ રહ્યા છે. જેમાં નીતિન ભજીયાવાલાના ઘરના નાકા પર જ એક રેસિડેન્શિયલ મકાનમાં ગેરકાયદેસર રીતે કોમર્શિયલ પ્રવૃત્તિ શરૂ કરી દેવાઈ છે. જેથી ભજીયાવાલાએ સેન્ટ્રલ ઝોનના ઝોનલ ઓફિસર રાજેશ ગાંજાવાલાને પુરાવા સાથે લેખિત અરજી કરી હતી. ભજીયાવાળાના કહેવા પ્રમાણે, દિવસો વીતવા છતાં કોઈ જ કાર્યવાહી ન થતાં જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે સેન્ટ્રલ ઝોનના ઝોનલ ઓફિસરે એવું કહ્યું હતું કે, આ બાબતે ઉપરથી મોટું રાજકીય દબાણ છે. જોકે, બાદમાં આ ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ભજીયાવાળાએ કહ્યું હતું કે, કોઈપણ નેતાનું પ્રેશર હોય, ઈવન મારું પોતાનું પણ પ્રેશર હોય, તો પણ જો સામાન્ય પ્રજાને નુકસાન થતું હોય તો અધિકારીઓએ કોઈનું પણ સાંભળવું ન જોઈએ. અધિકારીઓ પ્રજાના સેવક છે, કોઈ નેતાના ગુલામ નથી.

# ઉધનાના યાર્ન કારખાના અને પુણા-સીમાડાના પ્લાસ્ટિક યુનિટમાં આગ

**ઉધના**-મગદલ્લા રોડના બંધ યાર્ન કારખાનામાં આગથી કાચો માલ બળીને ખાખ



સુરત : શહેરમાં બે અલગ-અલગ જગ્યાએ આગ લાગવાનાં બનાવો બુધવારે બન્યા હતા. ઉધના મગદલ્લા રોડ ખાતે એક યાર્નના કારખાનામાં તથા બીજો બનાવ પુણા-સીમાડા રોડ ઉપર આવેલા પ્લાસ્ટિક મટિરિયલ્સ બનાવતા યુનિટમાં બન્યો હતો.

ઉધના મગદલ્લા રોડ સ્થિત દર્શન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં ખાતા નં 45 માં વિશાલ જૈનનું યાર્ન બનાવવાનું કારખાનું આવ્યુ છે. આજે સવારે 8:30 કલાકે તેમાં એકાએક આગ ફાટી નીકળી હતી. ખાતુ સવારે બંધ હતુ. તેથી આજુબાજુનાં લોકોએ ફાયર કંટ્રોલને જાણ કરી હતી, તેથી મજુરા ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર અભિષેક ગઢવીનાં જણાવ્યા મુજબ યુનિયમાં પહેલા માળે આગ લાગી હતી. આગ લાગવાને કારણે આખા યુનિટમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. તેથી ફાયર બ્રિગેડની ટીમે તુરંત પાણીનો મારો ચલાવીને આગને અંદાજે એકથી દોઢ કલાકે કાબુ કરી દીધી હતી. આગમાં યાર્નનો જથ્થો તથા લેસપટ્ટીનો કાચો માલ બળીને ખાખ થઈ ગયો હતો. જો કે આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યુ ન હોવાનુ સામે આવ્યુ હતુ. આગ લાગવાનો બીજો બનાવ પુણા સીમાડા રોડ ઉપર આવેલા પ્લાસ્ટિક મટિરિયલ્સ બનાવવાનાં યુનિટમાં બપોરે 2 કલાકે બન્યો હતો. યુનિટમાં પ્લાસ્ટિક બનાવનાના સીએનસી મશીનમાં શોર્ટ સર્કિટ થયુ હતુ, તેને કારણે આગ લાગી હતી. યુનિટના માલિકે ફાયર કંટ્રોલ રૂમમાં જાણ કરતા પુણા, કાપોદ્રા અને સરથાણા ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને ગણતરીની મિનિટોમાં જ કાબુમાં કરી લીધી હતી.

# 3 મહિનાથી અટકેલાં ૮૬ કરોડનાં ૯ વિકાસકામોનો માર્ગ મોકળો

**કતારગામ,** અઠવા, વરાછા ઝોનમાં રસ્તા અને મગોબ-ઉમરવાડામાં પાણી પુરવઠાના પ્રોજેક્ટ્સ અગ્રતાક્રમે

સુરત : આગામી ગુરુવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં રૂપિયા 86 કરોડના ખર્ચે હાથ ધરાનારા 9 મોટા કામોની દરખાસ્તો રજૂ કરવામાં આવી છે. 3 માસથી આ કામો અટવાયેલા હતા. ભાજપમાં જ શહેર કે પ્રદેશ સ્તરે પાર્ટીફંડના ગુંચવાયેલા મામલાને કારણે રૂપિયા 1 કરોડથી વધુના મોટા કામો એજન્ડા પર લેવામાં આવ્યા ન હતા.

ગુરુવારે રજૂ થનારી દરખાસ્તોમાં કતારગામ ઝોનમાં રોડ કારપેટ-રિકાર્પેટ માટે રૂપિયા 17.17 કરોડ, અઠવા ઝોનમાં રસ્તાના નિર્માણ માટે રૂપિયા 17.98 કરોડ, સેન્ટ્રલ ઝોનમાં રોડ કારપેટ-રિકાર્પેટ માટે 15.60 કરોડ, અઠવા ઝોનમાં સીસી રોડ માટે 10.25 કરોડ, અને વરાછા ઝોનમાં રસ્તા રિપેરીંગ માટે 8.62 કરોડના કામોનો સમાવેશ થાય છે. મગોબ જળ વિતરણ મથક ખાતે વોટર સપ્લાય નેટવર્ક માટે 6.46 કરોડ, સરથાણામાં સીસી રોડ માટે 4.58 કરોડ, પાણી પુરવઠાના અન્ય કામો માટે 3.90 કરોડ તેમજ ઉમરવાડા જળ વિતરણ મથક ખાતે પાણી પુરવઠા નેટવર્ક માટે 1.32 કરોડના પ્રોજેક્ટ્સ મૂકવામાં આવ્યા છે. સ્થાયી સમિતિના એજન્ડા પર લેવાયેલી આ દરખાસ્તોમાં અંદાજિત રકમથી 21.60% નીચાથી લઈને 15.30% ઊંચા ભાવના ટેન્ડરો સામેલ હોવાથી, નાણાકીય બચત અને વિકાસકામોની ગુણવત્તા વચ્ચે શાસક પક્ષ શું આખરી નિર્ણય લે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.